| | | |
|---|---|---|
| **સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ** | | |
| **મુખ્ય સેવિકામાંથી સીડીપીઓમાં બઢતી માટેની ખાતાકીય પરીક્ષા** | | |
| તા.૦૭/૧૨/૨૦૨૧ | પ્રશ્નપત્ર – ૧ | બેઠક નંબર:............. |
| સમય : ૧૧.૦૦ થી ૧૪.૦૦ | **SET – A** | કુલ ગુણ : - ૫૦ |

**1** બઢતીથી નિમણૂંક મેળવવાનો કોઇપણ અધિકારી / કર્મચારીને "હક" (as a matter of right) નથી. આ વાક્ય / વિધાન.............

**A** ખોટું છે **B** સાચું છે

**C** અંશત : સાચુ અને અંશત : ખોટૂ **D** ઉપરમાંથી કોઇપણ નહી

**2** એક વર્ગ - ૨ ના અધિકારી કે જે તેમની કચેરીના વડા છે અને તેમની કચેરીમાં ફરજ બજાવતા એક વર્ગ - ૩ ના કર્મચારીએ ગંભીર પ્રકારની ગેરવર્તણૂંક કરી છે તેવું પ્રાથમિક તપાસમાં જણાયી આવ્યુ છે તો આ વર્ગ - ૨ ના અધિકારી (Head of Office) આક્ષેપિત વર્ગ - ૩ના કર્મચારીને...........

**A** ફરજમોકૂફ કરી શકે અને તેમ કર્યાની જાણ પછીથી ખાતાના વડાને કરશે **B** ફરજમોકૂફ કરતા પહેલા ખાતાના વડાની (Head of Department) પૂર્વ મંજૂરી મેળવવી પડે

**C** ફરજમોકૂફ માત્ર ખાતાના (HoD) જ કરી શકે **D** ફરજમોકૂફ કરી શકે નહી

**3** ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ અન્વયે નીચેના પૈકી કઇ શિક્ષા ગણવાની નથી ?

**A** ચેતવણી **B** બઢતી અટકાવવી

**C** લેખિત ઠપકો **D** ઇજાફો રોકવો

**4** એસીબી દ્વારા ગોઠવાયેલા લાંચના છટકાના કેસમાં રાજકોટ ખાતેના નાયબ વાણિજય વેરા, કમિશ્નર (કે જે કચેરીના વડા અને શિસ્ત અધિકારી છે) ની કચેરીમાં ફરજ બજાવતા એક કારકુન (કે જેની નિમણૂક વાણિજ્ય વેરા કમિશ્નરશ્રીએ કરી છે) રૂ.૧૦૦૦૦/- ની લાંચની રકમ લેવા રંગે હાથ એસીબીની ટ્રેપમાં ઝડપાઇ ગયેલ છે. તેની વિરૂધ્ધ ન્યાયની અદાલતમાં ફોજદારી કામ ચલાવવાની મંજૂરી આપવા માટે કોણ સક્ષમ છે ?

**A** રાજકોટ ખાતેના નાયબ વાણિજય વેરા કમિશ્નર **B** રાજ્યના વાણિજ્ય વેરા કમિશ્નર

**C** નાણા વિભાગના સચિવશ્રી **D** નાણા મંત્રીશ્રી

**5** એક સરકારી કર્મચારી લાંચની માંગણી કરે છે પરંતુ ત્યારબાદ વિચાર બદલાઇ જતા લાંચનો સ્વીકાર કરતો નથી તો તેવા સંજોગોમાં..........

**A** તે સંપૂર્ણપણે પ્રમાણિક રહ્યો નથી તેમ ગણાશે **B** તેણે નિયમ - ૨૦નો ભંગ કર્યાનું ગણાશે

**C** તેણે ફરજ પ્રત્યે નિષ્ઠા દાખવી નથી તેમ ગણાશે **D** તેણે કોઇ વર્તણૂંક નિયમનો ભંગ કર્યો નથી તેમ ગણાશે

**6** રાજ્ય સેવામાંની અથવા તાબાના કોઇ સેવા અથવા જગ્યા સંબંધી ઠરાવેલ વયમર્યાદા ૪૦ વર્ષથી વધતી ન હોય તો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારોની તરફેણમાં કેટલા વર્ષની વયમર્યાદા હળવી કરી શકશે ?

**A** ૧ વર્ષ **B** ૩ વર્ષ

**C** ૫ વર્ષ **D** ૮ વર્ષ

**7 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ એ ભારતના બંધારણમાં કયા આર્ટિકલની નીચે બનાવવામાં આવ્યા છે ?**

**A** ૧૩૨
**B** ૨૨૬
**C** ૩૦૯
**D** ૩૧૦

**8 ભરતીના કયા પ્રકારથી ઉમેદવારની નિમણૂક કરવામાં આવે તો તબીબી તપાસની જરૂર પડતી નથી ?**

**A** સીધી ભરતીથી નિમણૂક
**B** આનુષાંગિક કસોટીથી નિમણૂક
**C** બઢતીથી
**D** ઉપરના તમામ પ્રકારમાં તબીબી તપાસની જરૂર પડે છે

**9 વર્ગ -૨ તરીકે વર્ગીકૃત કરેલી સેવા અને જગા..............**

**A** તાબાની સેવા તરીકે ઓળખાશે કારણ કે તે વર્ગ - ૧ થી નીચેની જગ્યા છે
**B** રાજ્ય સેવા તરીકે ઓળખાશે
**C** વહીવટી સેવા વર્ગ - ૨ તરીકે ઓળખાશે
**D** આવી કોઇ સેવા તરીકે ઓળખાશે નહી

**10 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ મુજબ કોઇ સરકારી અધિકારીને શિક્ષા કરતા પહેલા ગુજરાત જાહેર સેવા આયોગનો પરામર્શ કરવામાં આવ્યો હોય તો તેવા કસુરવાર અધિકારીને જાહેર સેવા આયોગની નકલ..............**

**A** આપી શકાય નહી કારણ કે આયોગની સલાહ ગુપ્ત રાખવાની હોય છે
**B** આપી શકાય નહી કારણ કે આયોગે માત્ર સલાહ આપવાની હોય છે, તેનો સ્વીકાર કરવો કે ન કરવો તે સરકારે નક્કી કરવાનું હોય છે
**C** ગુજરાત જાહેર સેવા આયોગની સલાહની નકલ શિક્ષાના હુકમ સાથે આપવી જોઇએ
**D** જાહેર સેવા આયોગની સલાહની નકલ આપતા પહેલા સામાન્ય વહીવટ વિભાગની મંજૂરી મેળવવી પડે

**11 એક તાલુકાના મામલતદાર તે તાલુકામાં આવેલ એક ગામની પોતાની જમીન (કે જે ખેડૂત સ્વખુશીથી વેચવા માંગે છે) પોતાની સ્વઆવકમાંથી અને ચેકથી પેમેન્ટ કરીને તથા જંત્રીની કિંમતથી પણ વધુ કિંમતે ખરીદવા ઇચ્છે છે તો................**

**A** આવી ખરીદી કરવા માટે કોઇ મંજૂરીની જરૂર નથી
**B** તેણે આવી ખરીદી કરતા પહેલા જિલ્લા કલેકટરની પૂર્વમંજૂરી મેળવવી પડે
**C** આવી ખરીદી કર્યા બાદ તેની જાણ કલેકટરને કરે તે પર્યાપ્ત ગણાશે
**D** ઉપરમાંથી કોઇપણ લાગુ પડતુ નથી

**12 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ માં સૌથી મહતમ શિક્ષા કઇ છે ?**

**A** પાયરી ઉપર
**B** ફરજિયાત નિવૃતિ
**C** બરતરફી
**D** રૂખસદ

**13** **રાજ્ય સેવામાં સમાવિષ્ટ કરેલ કોઇપણ સેવા અથવા જગ્યા ઉપર નિમણૂંક કરવા માટે જે તે સતાધિકારી પાસે કેટલા વિકલ્પો ઉપલબ્ધ છે ?**

**A** ૩
**B** ૬
**C** ૪
**D** માત્ર ૧

**14** **કોઇ એક કાર્યપાલક ઇજનેરને સરકારી કામ અર્થે માલસામાનની ખરીદી કરવાની છે અને તેનો ભાઇ સપ્લાયરનો ધંધો કરતો હોઇ તે ટેન્ડર ભરે છે તો આ કાર્યપાલક ઇજનેર............**

**A** તેનાઅ ભાઇનું ટેન્ડર હોવાથી નામંજૂર કરવાનુ રહે
**B** તેના ભાઇનું ટેન્ડર સૌથી નીચા ભાવનું હોઇ તે માન્ય રાખી શકે
**C** તેના ઉપલા અધિકારી અધિક્ષક ઇજનેરને જાણ કરીને તે જે સૂચના આપે તે મુજબ વર્તવાનુ રહે
**D** ફરીથી ટેન્ડર બહાર પાડવાનુ રહે

**15** **જે તે કચેરીના વડા (Head of Office) / કામના સ્થળનો હવાલો ધરાવનાર દરેક સરકારી અધિકારી / કર્મચારીએ આવી કચેરીમાં / કામના સ્થળે કામ કરતી કોઇપણ માહિલાની જાતીય સતામણી થાય નહીં તે માટે યોગ્ય પગલા લેવા જોઇએ તેવી જોગવાઇ નીચેના પૈકી કયા નિયમમાં કરવામાં આવી છે ?**

**A** નિયમ - ૨૦
**B** નિયમ - ૩ (૧)(૩)
**C** નિયમ - ૩-ખ
**D** આવી કોઇ જોગવાઇ વર્તણૂંક નિયમમાં છે જ નહી

**16** **દ્વિપત્નીત્વ - દ્વિપતિત્વ માટેની ગેરલાયકાત નીચેના પૈકી કયા નિયમમાં કરવામાં આવી છે ?**

**A** નિયમ - ૬
**B** નિયમ - ૮
**C** નિયમ - ૧૩
**D** નિયમ - ૧૭

**17** **હોદ્દાની રૂએ કરવાના કામના સંબંધમાં કાયદેસરના મહેનતાણા સિવાય, જાહેર સેવકે મેળવેલ કોઇપણ પ્રકારનું તોષણ (Gratification) ની બાબતમાં તે લાંચ રૂશ્વત નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કઇ કલમ નીચે ગુનો કરે છે ?**

**A** કલમ - ૧૭
**B** કલમ - ૭
**C** કલમ - ૧૫
**D** કલમ - ૯

**18** **વર્તણૂંક નિયમોના સંદર્ભમાં સરકારી કર્મચારી "કુટુંબના સભ્યો" માં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?**

**A** સરકારી કર્મચારીઓ દતક / ઓરમાન પુત્ર કે જે નોકરી કરતો નથી
**B** સરકારી કર્મચારીની પત્ની કે જે તેની સાથે રહેતી નથી
**C** સરકારી કર્મચારીનો સગો પુત્ર કે જે નોકરી કરે છે અને પોતાનું જીવન નિર્વાહ ચલાવવા માટે સક્ષમ છે
**D** સરકારી કર્મચારીના સાસુ કે જે સરકારી કર્મચારી પર સંપૂર્ણપણે આશ્રિત છે

**19** **કોઇ જાહેર સેવક જેના માટે પોતે સંતોષકારક ખુલાસો આપી શકે નહી તેવા અને તેની આવકના દેખીતા સાધનો સાથે પ્રમાણસર ન હોય તેવા આર્થિક સાધનો કે મિલકત (Disproportionate Assets) ધરાવતો હોવાનુ માલૂમ પડે**

**તો તેની સામે લાંચ રૂશ્વત નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કઇ કલમ નીચે કામ ચલાવી શકાય ?**

**A** કલમ - ૮ **B** કલમ - ૬

**C** કલમ - ૧૩ **D** કલમ - ૭

**20** ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ એ............

**A** વૈધાનિક નિયમો છે **B** કાયદાકીય નિયમો છે

**C** વહીવટી નિયમો છે **D** ઉપરનામાંથી કોઇપણ નહી

**21** એક સરકારી કર્મચારી તેના ઘેર વાસણ માંજવા માટે ( કે જે ભારે મજૂરી / મહેનતવાળૂં કામ નથી ) એક ૧૨ વર્ષના બાળકને કામે રાખે છે તો જેથી કરીને તે સરકારી કર્મચારી..........

**A** વર્તણૂંક નિયમ -૩ (ક) નો ભંગ કરે છે. **B** વર્તણૂંક નિયમ -૩ (ગ) નો ભંગ કરે છે.

**C** વર્તણૂંક નિયમ -૩ (૧)(૨) નો ભંગ કરે છે. **D** કોઇ વર્તણૂંક નિયમનો ભંગ કરતો નથી

**22** લાંચ રૂશ્વત વિરોધી ખાતાએ ગોઠવેલ છટકામાં એક સરકારી કર્મચારી લાંચ લેતા પકડાય છે / ટ્રેપ થાય છે જેથી ACBની તા.૦૧/૧૧/૨૦૨૧ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ધરપકડ / અટકાયત કરે છે ત્યારબાદ તે કર્મચારી તા.૦૩/૧૧/૨૦૨૧ના રોજ સાંજે ૦૫.૦૦ કલાકે (૧૭ કલાકે) જમીન ઉપર મુકત થાય છે. તેના પોલીસ કસ્ટડીના સમયગાળાને કેવી રીતે ગણાશે ?

**A** બિનપગારી રજા તરીકે **B** ફરજ પરની અનધિકૃત ગેરહાજરી તરીકે

**C** કોર્ટનો ચુકાદો આવ્યા બાદ નિર્ણય કરવાનો રહે **D** માની લીધેલ (Deemed) ફરજ મોકૂફી તરીકે

**23** રાજ્ય સેવા અને તાબાની સેવાની અનુસુચિત જાતિ / જનજાતિ માટે બઢતીથી અનામત રાખેલ જગ્યાઓ ત્રણ ભરતી પ્રસંગો પછી પણ આ કક્ષાના ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ કેવી રીતે ભરી શકાય ?

**A** બદલીથી **B** પ્રતિનિયુકતિથી

**C** અનુસુચિત જાતિ / જનજાતિ ઉમેદવારો માટે ખાસ જાહેરાત આપીને સીધી ભરતીથી **D** બિનઅનામત કક્ષના ઉમેદવારોમાંથી

**24** કોઇ એક શહેરના અમુક વિસ્તારમાં ફાટી નીકળેલા તોફાનોની તપાસ કરવા માટે સરકારે તપાસ પંચની નિમણૂંક કરી છે. આ તપાસ પંચ તે વિસ્તારમાં રહેતા એક સરકારી કર્મચારીને જુબાની આપવા બોલાવે છે તેવા સંજોગોમાં.................

**A** તપાસ પંચ સમક્ષ હાજર થવા માટે પ્રથમ પોતાના ખાતાની મંજૂરી મેળવશે **B** હાજર થશે પરંતુ જુબાની આપવાનો ઇન્કાર કરશે

**C** તે તપાસ પંચ સમક્ષ હાજર થઇને યોગ્ય તે જુબાની આપશે **D** ઉપરોકત પૈકી કોઇ કાર્યવાહી કરશે નહી

**25** આર્થિક રીતે નબળા વર્ગોને રાજ્ય હેઠળની સેવાઓ / જગ્યાઓમાં નિમણૂક માટે ૧૦ % અનામત રાખવા માટેની જોગવાઇ કઇ તારીખથી કરવામાં આવી છે ?

**A** તા.૧૪/૦૧/૨૦૧૯ થી **B** તા.૨૬/૦૧/૨૦૧૯ થી

**C** તા.૨૨/૦૨/૨૦૧૯ થી **D** તા.૦૧/૦૧/૨૦૨૦ થી

**26** કોઇ ખાસ અદાલતે લાંચ રૂશ્વત નિવારણ અધિનિયમ, નીચે કેસ ચલાવીને જે તે જાહેર સેવકને ગુનેગાર ઠેરવ્યો

**હોય તેવા જાહેર સેવક આ નિર્ણય / ચુકાદાની સામે નીચેના પૈકી કોને અપીલ કરી શકે ?**

**A** સરકાર

**B** જિલ્લા અદાલત

**C** સર્વોચ્ચ અદાલત

**D** વડી અદાલત

**27** કેટકાલ સંજોગોમાં સંબંધિત કર્મચારી / અધિકારીને આરોપનામુ આપ્યા સિવાય (ખાતાકીય તપાસ કર્યા સિવાય) શિસ્ત અધિકારી તેમને યોગ્ય લાગે તેવો શિક્ષાનો હુકમ કરી શકે છે. આ જોગવાઇ નીચેના પૈકી કયા નિયમમાં છે ?

**A** નિયમ - ૯ **B** નિયમ - ૧૦

**C** નિયમ - ૮ **D** નિયમ - ૧૪

**28** લાંચ રૂશ્વત નિવારણ અધિનિયમ નીચે જેની સામે કામ ચલાવવામાં આવ્યુ હોય તેવી આરોપી વ્યક્તિ, તે વ્યક્તિ સામે મુકાયેલા તહોમતોને પાસાધિન કરવા માટે આ કાયદાની કઇ કલમ નીચે પોતે સોગંદ ઉપર જુબાની આપી શકે ?

**A** કલમ - ૨૩ **B** કલમ - ૧૧

**C** કલમ - ૨૧ **D** કલમ - ૨૨

**29** લાંચ રૂશ્વત નિવારણ અધિનિયમ ની જોગવાઇઓ  અન્ય કોઇ કાયદાના ઘટાડા રૂપે નહી પરંતુ તેના વધારા તરીકે ગણાશે. આવી જોગવાઇ અધિનિયમની કઇ કલમમાં કરવામાં આવી છે ?

**A** કલમ - ૧૧ **B** કલમ - ૭

**C** કલમ - ૧૦ **D** કલમ - ૨૮

**30** ગુજરાત મુલ્કી સેવા વર્તણૂક અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ અનુસાર રાજ્ય સેવામાની સેવા અથવા જગા પર નીચેના પૈકી કઇ રીતે નિમણૂક કરી શકાય ?

**A** બદલીથી **B** બઢતીથી

**C** સીધી ભરતીથી **D** આપેલ તમામ રીતે

**31** વર્ગ -૨ ના એક રાજ્યપત્રિત અધિકારી સામેની નિયમ - ૯ અને ૧૦ અન્વયેની ખાતાકીય તપાસના કેસમાં "તપાસ અધિકારી" અને "રજૂઆત અધિકારી" ની નિમણૂક કોણ કરે છે ?

**A** ખાતાના વડા **B** શિસ્ત અધિકારી કે જેમણે આરોપનામું આપ્યુ છે

**C** તે જે કચેરીમાં ફરજ બજાવે છે તે કચેરીના વડા કે જેમાં વર્ગ - ૧ ના અધિકારી છે **D** જે તે વિભાગના સચિવશ્રી

**32** એક જ સંવર્ગની નીચલી જગ્યા ઉપરથી તે જ સંવર્ગમાં ઉપલી જગ્યા પર બઢતી આપવા માટે કેટલા વર્ષમાં અનુભવની જરૂર છે ?

**A** આઠ વર્ષ **B** સાત વર્ષ

**C** ત્રણ વર્ષ **D** પાંચ વર્ષ

**33** .સરકારી કર્મચારીને બઢતી સ્વીકારવાનો ઇન્કાર કર્યો હોય ત્યારે તેનો કેસ બઢતીનો ઇન્કાર કર્યાની તારીખથી કેટલા સમય સુધી ફેરબઢતી માટે વિચારણામાં લેવામાં આવશે નહી ?

**A** એક વર્ષની મુદત માટે **B** બે વર્ષની મુદત માટે

**C** પાંચ વર્ષની મુદત માટે **D** કાયમ માટે

**34** ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ નીચેના પૈકી કયા અધિકારીને લાગુ પડતા નથી ?

**A** નાયબ પોલીસ અધિક્ષકને **B** નાયબ જિલ્લા વિકાસ અધિકારીને

**C** જિલ્લા નિવાસી અધિક કલેકટરને **D** જિલ્લા કલેકટરને

**35 નીચેના પૈકી તાબાની સેવા તરીકે કઇ સેવા ગણાય ?**

A વર્ગ - ૧ અને વર્ગ - ૨ ની સેવા

B વર્ગ - ૪ ની સેવા

C વર્ગ - ૩ ની સેવા

D ઉપરોકત તમામ સેવાઓ

**36 એક સરકારી કર્મચારીને સક્ષમ અદાલત ધારા નાદાર જાહેર કરવામાં આવે છે તો નીચેના પૈકી કયા સંજોગોમાં તે કર્મચારી નોકરીમાંથી દૂર થવાને પાત્ર બનશે ?**

A તે સરકારી કર્મચારીના પગારના ચોથા ભાગ (૨૫%) પર હંગામી ટાંચ મૂકવામાં આવી હોય ત્યારે

B તે સરકારી કર્મચારીના પગારના ચોથા (૨૫%) ભાગ પર કાયમી ટાંચ મૂકવામાં આવી હોય ત્યારે

C તે સરકારી કર્મચારીના પગારના અડધા ભાગ (૫૦%) પર કાયમી ટાંચ મૂકવામાં આવી હોય ત્યારે

D તે સરકારી કર્મચારીના પગારના અડધા ભાગ (૫૦%) પર હંગામી ટાંચ મૂકવામાં આવી હોય ત્યારે

**37 એક સરકારી કર્મચારી / અધિકારી તેને સોંપાયેલ કાર્ય નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરતો નથી પરંતુ પાછળથી / ત્યારબાદ તો પૂર્ણ કરે જ છે જેથી...........**

A તેણે કોઇ વર્તણૂંક નિયમોનો ભંગ કર્યો નથી તેમ ગણાશે.

B તેણે ફરજ પ્રત્યે નિષ્ઠા દાખવી નથી તેમ ગણાશે

C તેણે સરકારી કર્મચારીને છાજે નહી તેવું વર્તન કર્યુ છે તેમ ગણાશે

D તે પ્રમાણિક રહ્યો નથી તેમ ગણાશે

**38 વર્ગ - ૨ (બે) ની જગ્યા ઉપર ૨ વર્ષ માટે અજમાયશી ધોરણે નિમણૂક પામેલ ઉમેદવારની તેની અજમાયશી સમય દરમ્યાન કામગીરી સંતોષકારક ન હોય તેવા અજમાયશી સમય વધુમાં વધુ કેટલો સમય લંબાવી શકાય ?**

A ૬ માસ

B ૨ વર્ષ

C ૧ વર્ષ

D અજમાયશી સમય લંબાવી શકાય નહી અને સેવાનો અંત લાવવાનો રહે

**39 શિસ્ત અધિકારી પક્ષના સાહેદની સરતપાસ (Examination in Chief) સૌ પ્રથમ કોણ કરશે ?**

A ખાતાકીય તપાસ અધિકારી

B આક્ષેપિત

C રજૂઆત અધિકારી

D આવી કોઇ સરતપાસ કરવાની જ હોતી નથી

**40 કોઇપણ સેવામાં અથવા જગ્યા ઉપર ભરતી કરવા સંબંધી સામાન્ય જોગવાઇઓ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના કયા ભાગમાં કરવામાં આવી છે ?**

A ભાગ - ૧

B નિયમોમાં આવા કોઇ ભાગ દર્શાવવામાં આવેલ નથી

C ભાગ - ૪

D ભાગ - ૩

**41 ગુજરાત મુલ્કી સેવા વર્તણૂક અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ અનુસાર સીધી ભરતી માટે કઇ લાયકાતની જરૂર નથી ?**

**A** નાગરિકતા

**B** વયમર્યાદા

**C** શૈક્ષણિક લાયકાત

**D** અપરણિત હોવુ

**42 લાંચ રૂશ્વત નિવારણ અધિનિયમ (સુધારેલ કાયદો - ૨૦૧૮)ની કલમ - ૭ નીચે ગુનેગાર ઠરેલા જાહેર સેવકને નીચેના પૈકી કઇ શિક્ષા કરવાની જોગવાઇ છે ?**

**A** ઓછામાં ઓછી ૬ માસની કેદ અને વધુમાં વધુ ૫ વર્ષની કેદ

**B** ઓછામાં ઓછી ૨ વર્ષની કેદ અને વધુમાં વધુ ૭ વર્ષની કેદ

**C** ઓછામાં ઓછી ૧ વર્ષની કેદ અને વધુમાં વધુ ૩ વર્ષની કેદ

**D** ઓછામાં ઓછી ૫ વર્ષની કેદ અને વધુમાં વધુ ૧૦ વર્ષની કેદ

**43 ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં સુધારો કરવાનું જાહેરનામુ નીચેના પૈકી કયા અધિકારીની સહીથી બહાર પાડી શકાય ?**

**A** સરકારના મુખ્ય સચિવ

**B** સરકારના સચિવ

**C** સરકારના નાયબ સચિવ

**D** ઉપરમાંથી કોઇપણ એક અધિકારીની સહીથી

**44 લાંચ રૂશ્વત નિવારણ અધિનિયમ, ૧૯૮૮ નીચે લાંચ આપનાર સામેની કાર્યવાહી યથાપ્રસંગે નીચેના પૈકી કઇ કલમ નીચે કરી શકાય ?**

**A** કલમ - ૧૩

**B** કલમ - ૮ અને ૯

**C** કલમ - ૭

**D** કલમ - ૧૧

**45 એક સરકારી કર્મચારી કોઇ એક ઇચ્છીત જગ્યાએ પોસ્ટીંગ મેળવવા માટે ધારા સભ્યશ્રી મારફતે ભલામણ કરાવે છે કે જે ધારા સભ્યશ્રી સરકારી કર્મચારીના સગાભાઇ છે તો તેમ કરીને આ સરકારી કર્મચારી કયા વર્તણૂંક નિયમનો ભંગ કરે છે ?**

**A** નિયમ - ૩ (૧)(૨)

**B** નિયમ - ૨૩

**C** નિયમ -૨૪

**D** જે ધારાસભ્યશ્રી મારફતે ભલામણ કરાવે છે તે સરકારી કર્મચારીના સગાભાઇ હોવાથી ભલામણ કરાવી શકે અને તેથી કોઇ વર્તણૂંક નિયમનો ભંગ થતો નથી.

**46 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ મુજબ મોટી શિક્ષાઓ કેટલી છે ?**

**A** આઠ

**B** પાંચ

**C** ચાર

**D** ત્રણ

**47** **શિસ્ત અધિકારીને તપાસ અહેવાલ મળે અને શિસ્ત અધિકારીને જણાય કે તપાસ અધિકારીએ નિયમ - ૯ની જોગવાઇ અયોગ્ય રીતે અનુસરી નથી અથવા અમુક મહત્વના પુરાવા / સાહેદ તપાસવાના રહી ગયા છે તો શિસ્ત અધિકારી કઇ કાર્યવાહી કરી શકે ?**

**A** તપાસ અધિકારીના તારણો સાથે અસંમત થઇને પોતાના અલાયદા તારણો લખશે

**B** તહોમતદારને દોષમુકત જાહેર કરવો પડે

**C** તપાસ અધિકારીને કેસ પરત કરીને જે તબક્કે તપાસ દૂષિત થયેલ જણાતી હોય તે તબક્કાથી ફરી તપાસ કરવા જણાવી શકે

**D** તપાસ અહેવાલને અવગણીને શિક્ષાનો નિર્ણય લઇ શકે

**48** **વર્ગ -૧ ના એક અધિકારી પોતાની ગંભીર માંદગીના કારણસર હોસ્પિટલમાં દાખલ થયેલ છે તે દરમ્યાનમાં તેમને જેની સાથે સરકારી કામકાજ કરે છે તે કંપનીમાં તેમના પુત્રને નોકરી મળે છે અને ૧૦ દિવસમાં હાજર થવાનું છે જેથી આ વર્ગ - ૧ ના અધિકારી તેમના પુત્રને તેમ કરવા દે છે જેથી............**

**A** આ અધિકારી ફરજ પ્રત્યે નિષ્ઠા દાખવતા નથી તેમ ગણાય

**B** પુત્રને નોકરી મળી ગયેલ હોઇ તેનો અધિકારીના કુટુંબના સભ્યમાં સમાવેશ થતો નથી જેથી સરકારને કોઇ જાણ કરવાની કે પૂર્વ મંજૂરીની જરૂર રહેતી નથી.

**C** આ અધિકારી નિયમ - ૮નો ભંગ કરે છે

**D** આ અધિકારીની કાર્યવાહી નિયમ -૪ને સુસંગત છે અને સરકારની મંજૂરીને આધીન રહીને તેમના પુત્રને નોકરી સ્વીકારવા માટે કહી શકે છે

**49** **"Corruption is a termite (ઉધઇ) is eating up the pith (tissues) of our society at not only humpers the individual's gwowth that aslo the collective growth of our society" ઉપરોકત વિધાન / મંતવ્ય નીચેના પૈકી કયા મહાનુભાવનું છે ?**

**A** ડો. એ.પી.જે. અબ્દુલ કલામ

**B** મહાત્મા ગાંધી

**C** ડો. રાજેન્દ્ર પ્રસાદ

**D** સરદાર વલ્લભભાઇ પટેલ

**50** **ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ નીચે એવી કઇ નાની શિક્ષા છે કે જે કરતા પહેલા મોટી શિક્ષા કરવા માટેની જે કાર્યવાહી હાથ ધરવી જરૂરી છે ?**

**A** ઇજાફો ભવિષ્યની અસર વિના અટકાવવાની શિક્ષા

**B** ઇજાફો ભવિષ્યની અસર સાથે અટકાવવાની શિક્ષા

**C** બઢતી અટકાવવની શિક્ષા

**D** ઠપકો આપવાની શિક્ષા

**51** **ગુજરાત મુલ્કી સેવા વર્તણૂક અને ભરતી (સામાન્ય) નિયમોમાં ઠરાયેલી પધ્ધતિ સિવાય નિમણૂક કરીને જગ્યા ભરવાની જોગવાઇ કયા નિયમમાં કરવામાં આવી છે ?**

A નિયમ - ૧૬ (૧) B નિયમ - ૧૬ (૨)
C નિયમ - ૧૬ (૩) D નિયમ - ૧૧

52 જાહેર ફરજ (Public Duty) એટલે...............

A જે ફરજ બજાવવામાં રાજ્ય / કેન્દ્ર સરકારનૂં હિત સમાયેલ છે તે
B જે ફરજ બજાવવામાં લોકોનું હિત સમાયેલ છે તે
C જે ફરજ બજાવવામાં સમાજનું બહોળું હિત રહેલુ હોય તે
D ઉપરોકત કોઇપણ અથવા તમામ બાબતોનો સમાવેશ થાય છે

53 એક સરકારી અધિકારી / કર્મચારી શેરબજારમાં વારંવાર સટ્ટો ખેલે છે તો તેથી કરીને તે કયા વર્તણૂંક નિયમનો ભંગ કરે છે ?

A નિયમ - ૩ (૧) નો ભંગ કરે છે B નિયમ - ૧૬ નો ભંગ કરે છે
C નિયમ - ૧૫ નો ભંગ કરે છે D નિયમ - ૧૭ નો ભંગ કરે છે

54 રાજ્ય સરકારના એક વર્ગ - ૧ ના અધિકારી એસીબી એ ગોઠવેલ ટ્રેપ કેસમાં લાંચ લેતા રંગેહાથ પકડાઇ જાય છે જેથી એસીબી એ તેની સામે અદાલતમાં ફોજદારી કેસ મૂકતા પહેલા લાંચ રૂશ્વત નિવારણ અધિનિયમની કઇ કલમ નીચે રાજ્ય સરકારની પૂર્વમંજૂરીની જરૂરીયાત છે ?

A કોઇ મંજૂરીની જરૂર નથી. લાંચ લેતા રંગેહાથ પકડાયેલ હોવાથી એસીબી સીધેસીધો કેસ અદાલતમાં મૂકી શકે અને અદાલતે તેને ધ્યાને લેવો જ જોઇએ
B કલમ - ૧૯ (૧) (સી)
C કલમ - ૨૦ D કલમ - ૧૯(૧) (બી)

55 લાંચ રૂશ્વત નિવારણ અધિનિયમ, ૧૯૮૮ના અમલીકરણ માટે રાજ્ય સરકારના નીચેના વહીવટી વિભાગો પૈકી મુખ્યત્વે કયો વિભાગ સંકળાયેલ છે ?

A કાયદા વિભાગ B વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
C ગૃહ વિભાગ D સામાન્ય વહીવટ વિભાગ

56 નિમણૂક અધિકારીથી નીચેના દરજ્જાના અધિકારી કોઇપણ કર્મચારી / અધિકારીને બરતરફ કે રૂખસદ કે પાયરી ઉતારની શિક્ષા કરી શકે નહી તેવી જોગવાઇ શિસ્ત અને અપીલ નિયમો, ૧૯૭૧ના કયા નિયમમાં કરવામાં આવી છે ?

A નિયમ - ૬ B નિયમ - ૭
C નિયમ - ૯ D નિયમ - ૮

57 ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં બઢતી માટે જે લઘુતમ અનુભવ નક્કી કરવામાં આવેલ છે તેવા લઘુતમ અનુભવ ધરાવતા કોઇ અધિકારી/ કર્મચારી ફિડર કેડરમાં ઉપલબ્ધ નથી અને તે જગ્યા બઢતીથી ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે તો લઘુતમ અનુભવમાં છૂટછાટ મુકવાની સતા કોને છે ?

A રાજ્ય સરકારને
B જે જગ્યા બઢતીથી ભરવાની સત્તા છે તેવા નિમણૂક અધિકારીને

C ગુજરાત જાહેર સેવા આયોગ

D ઉપરોકત પૈકી કોઇને પણ નહી

**58 લાંચ રૂશ્વત નિવારણ અધિનિયમ નીચે જે જાહેર સેવક સામે કામ ચલાવવામાં આવતુ હોય તે વ્યક્તિએ કાયદેસરના મહેનતાણા સિવાયની કોઇ રકમ અથવા તો નાણાકીય લાભ અથવા કોઇ કિંમતી વસ્તુ લીધેલ છે અથવા લેવાની તૈયારી બતાવેલ છે અથવા તે લેવાની કોશીષ કરેલ છે તેવુ અનુમાન અદાલત કરી લેશે સિવાય કે તેનું ખંડન જાહેર સેવક યોગ્ય રીતે કરે, આવી જોગવાઇ કઇ કલમમાં કરવામાં આવી છે ?**

A કલમ - ૧૯

B કલમ - ૧૧

C કલમ - ૧૩

D કલમ -૨૦

**59 વર્ગ - ૩ ની જગ્યા ઉપર સીધી ભરતીથી નિમાયેલ કર્મચારીએ તેની શારિરીક યોગ્યતા સંબંધી કોનું પ્રમાણપત્ર મેળવીને રજૂ કરવુ પડે ?**

A ખાનગી પ્રેકટીસ કરતા MBBS Or MD ડોકટર

B મેડિકલ બોર્ડ

C જે તે જિલ્લાના સીવીલ સર્જન / તબીબી અધિક્ષક

D યુવાન વયે નોકરીમાં જોડાતા હોવાથી આવી કોઇ જરૂરીયાત નથી

**60 ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ કઇ તારીખથી અમલમાં આવ્યા છે ?**

A ૧-૪-૧૯૭૧ થી

B ૧-૧-૧૯૭૧ થી

C ૧-૭-૧૯૭૧ થી

D ૧૫-૦૮-૧૯૭૧ થી

**61 વર્ગ - ૧ ના એક અધિકારીની પુત્રીના જન્મદિનની ઉજવણી પ્રસંગે તેમના સસરા અને સાસુ (પુત્રીના નાનાજી અને નાનીજી) રૂ.૨૫૦૦/- ની કિંમતની ભેટ આપે છે અને તેમા વર્ગ - ૧ ના અધિકારી સ્વીકારે છે તો તે અધિકારી..........**

A નિયમ - ૧૩ (૨)નો ભંગ કરે છે.

B નિયમ - ૧૩ (૩)નો ભંગ કરે છે.

C નિયમ - ૧૨ નો ભંગ કરે છે.

D કોઇ વર્તણૂંક નિયમોનો ભંગ કરતા નથી કારણ કે તેમના તદન નજીકના સગા છે

**62 એક સરકારી કર્મચારી / અધિકારી તેને સોંપાયેલ કાર્ય નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરે છે પરંતુ તે કામના નિકાલમાં તેની પાસેથી અપેક્ષિત ગુણવતા જાળવવામાં હંમેશા ચૂક કરે છે જેથી તે............**

A તેણે ફરજ પ્રત્યે નિષ્ઠા દાખવી નથી તેમ ગણાશે

B તેણે સરકારી કર્મચારીને છાજે નહીં તેવું વર્તન કર્યુ છે તેમ ગણાશે

C તે પ્રમાણીક રહ્યો નથી તેમ ગણાશે

D કામનો નિકાલ સમયમર્યાદામાં પૂર્ણ કરતો હોઇ તેણે કોઇ વર્તણૂક નિયમનો ભંગ કર્યો નથી તેમ ગણાશે

**63 નિમણૂંક અધિકારીથી નીચેના દરજ્જાના અધિકારી કોઇપણ કર્મચારી / અધિકારીને બરતરફ કે રૂખસદ કે પાયરી ઉતારની શિક્ષા કરી શકે નહી તેવી જોગવાઇ શિસ્ત અને અપીલ નિયમો, ૧૯૭૧ ના કયા નિયમમાં કરવામાં આવી છે ?**

**A** નિયમ - ૬ 

**B** નિયમ - ૯

**C** નિયમ - ૭ 

**D** નિયમ - ૧૧

**64** **લાંચ રૂશ્વત નિવારણ અધિનિયમ નીચે નોંધાયેલ ગુનાની તપાસ (investigation) કરવા માટે નીચેના પૈકી કયા અધિકારી અધિકૃત નથી ?**

**A** પોલીસ સબ ઇન્સ્પેકટર, એસીબી

**B** પોલીસ ઇન્સ્પેકટર, એસીબી

**C** મદદનીશ નિયામક, એસીબી

**D** નાયબ નિયામક, એસીબી

**65** **ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ અન્વયે ફરજમોકૂફ કરાયેલ સરકારી કર્મચારીની ફરજમોકૂફીની પ્રથમ સમીક્ષા કેટલી મુદત પૂરી થાય તે પહેલા કરવી જરૂરી છે ?**

**A** ૬૦ દિવસ

**B** ૯૦ દિવસ

**C** ૧૨૦ દિવસ

**D** ૧૮૦ દિવસ

**66** **ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ માં નાની શિક્ષા અંગેની જોગવાઇ નીચેના પૈકી કયા નિયમમાં નથી ?**

**A** નિયમ - ૬ (૧) થી ૬ (૩)

**B** નિયમ - ૭

**C** નિયમ - ૮

**D** નિયમ - ૬ (૪) થી ૬(૮)

**67** **એક સરકારી અધિકારી સામેની ખાતાકીય તપાસમાં "ખાતાકીય તપાસ અધિકારી"ની નિમણૂંક કરવામાં આવી છે અને**

**તેઓ સમક્ષની તપાસની કાર્યવાહીમાં આક્ષેપિત અધિકારી પોતાની સામેના કેસમાં પોતાના બચાવ માટે "મિત્ર - મદદનીશ" રોકવા માંગે છે તો આવી મંજૂરી આપવાની સત્તા કોને છે ?**

**A** શિસ્ત અધિકારીને કે જેઓએ આરોપનામુ આપેલ છે

**B** ખાતાના વડાને

**C** સંબંધિત વિભાગના સચિવશ્રીને

**D** ખાતાકીય તપાસ અધિકારીને

**68** **લાંચ રૂશ્વત નિવારણ અધિનિયમ કે જે ૨૦૧૮ના વર્ષમાં સુધારવામાં આવ્યો છે (Amending Act No.16 of 2018) તે સુધારેલા કાયદામાં ૧૯૮૮ ના કાયદાની કઇ કલમ રદ કરવામાં આવી છે ?**

**A** કલમ - ૬

**B** કલમ - ૧૫

**C** કલમ - ૨૪

**D** કલમ - ૭

**69** **લાંચ રૂશ્વત નિવારણ અધિનિયમ, ૧૯૮૮ પ્રમાણે "જાહેર સેવક" (Public Servant) માં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?**

**A** સરકારી નોકર

**B** સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં નોકરી કરતી વ્યક્તિ

**C** સરકાર તરફથી ફી અથવા કમિશન તરીકે મહેનાતાણૂં મેળવતી વ્યક્તિ

**D** ઉપર (A), (B) અને (C) તમામ

**70 એક સરકારી અધિકારી / કર્મચારી તેને કમળનૂં ફૂલ ખૂબ પસંદ હોઇ તે જે વાહન વાપરે છે તેના ઉપર કમળનું ફૂલ પ્રદર્શિત કરે છે / રાખે છે દરમ્યાનમાં લોકસભાની ચૂંટણી જાહેર થાય છે તો તે સરકારી / કર્મચારીએ...............**

**A** પોતાના વાહન ઉપર રાખેલ કમળનું ફૂલ / ચિત્ર દૂર કરવું જોઇએ

**B** પોતાના વાહન ઉપર રાખેલ કમળનું ફૂલ/ ચિત્ર યથાવત રાખવા દેવા માટે મુખ્ય ચૂંટણી અધિકારીની મંજૂરી મેળવવી પડે

**C** પોતાના વાહન ઉપર રાખેલ કમળનું ફૂલ / તેનું ચિત્ર રાખવા દેવા માટે સરકારની મંજૂરી મેળવવી પડે

**D** ઉપર મુજબ કોઇ કાર્યવાહી નહી કરવાથી તે નિયમ -૯ નો ભંગ કરે છે.

**71 ભારતમાં કાયદેસરની સરકારને ઉથલાવવા માટેની ચળવળમાં કર્મચારીના કુટુંબનો કોઇ સભ્ય ભાગ લેતો હોય તો સરકારી કર્મચારીએ તેની જાણ સરકારને કયા નિયમ નીચે કરવાની હોય છે ?**

**A** નિયમ - ૧૮

**B** નિયમ - ૯

**C** નિયમ - ૧૦

**D** નિયમ - ૫

**72 દરેક સરકારી કર્મચારી / અધિકારીએ જંગમ મિલક્તના સંબંધમાં કરેલ લેવડ દેવડ કે જે મિલકતની કિંમત નીચેના પૈકી કયા સંજોગોમાં વધુ હોય તો એક મહિનાની અંદર નિયત સતાધિકારીને જાણ કરવી જોઇએ.**

**A** જો તેના ૧ માસના મૂળ પગારની રકમ કરતા વધુ હોય તો

**B** જો તેના ૨ માસના મૂળ પગારની રકમ કરતા વધુ હોય તો

**C** જો તેના ૩ માસના મૂળ પગારની રકમ કરતા વધુ હોય તો

**D** જંગમ મિલકત હોઇ, આવી કોઇ જાણ કરવાની જરૂર જ નથી

**73 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ નીચે સરકાર પોતાના જ હુકમોની પુન : વિચારણા કયા નિયમ નીચે કરી શકે ?**

**A** નિયમ - ૨૨

**B** નિયમ - ૨૩

**C** નિયમ - ૨૧

**D** નિયમ - ૨૪

**74 દરેક રાજ્યપત્રિત અધિકારીએ તેની પાસેની સ્થાવર મિલકતની માહિતી આપતુ પત્રક નીચેના પૈકી કઇ તારીખથી અંતિત થતુ મોકલવું જોઇએ.........**

**A** દર વર્ષે ૩૧ માર્ચ અંતિત

**B** દર પાંચ વર્ષે ૩૧ માર્ચ અંતિત

**C** દર બે વર્ષે ૩૧ ડિસેમ્બર અંતિત

**D** દર વર્ષે ૩૧ ડિસેમ્બર અંતિત

**75 એક સરકારી કર્મચારી તેના મિત્રના (કે જે પોતાનો ખાનગી વ્યવસાય કરે છે) લગ્નમાં હોઇ તે મિત્રના ભાવી સસરા પાસે જઇ, લગ્ન પ્રસંગે જમાઇને માત્ર ૧૦ ગ્રામની એક સોનાની ચેઇન આપવા જણાવે છે જેથી તેમ કરીને આ સરકારી કર્મચારી...........**

**A** વર્તણૂંક નિયમનો ભંગ કરે છે.

**B** પોતાના માટે કોઇ માંગણી કરતો ન હોઇ, વર્તણૂંક નિયમનો ભંગ કરતો નથી

**C** તેનો મિત્ર સરકારી કર્મચારી ન હોઇ, આવી માંગણી તેના માટે કરી શકે

**D** ૧૦ ગ્રામની સોનાની એક ચેઇન કે જેની કિંમત રૂ.૫૦,૦૦૦/- થી વધતી ન હોઇ, મિત્રના લગ્નપ્રસંગે આવી માંગણી કરી શકે

**76 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ મુજબ અપીલ કરવાની સમય મર્યાદા કેટલી છે ?**

**A** હુકમ મળ્યાની તારીખથી ૯૦ દિવસ

**B** હુકમ મળ્યાની તારીખથી ૪૫ દિવસ

**C** હુકમ મળ્યાની તારીખથી ૬૦ દિવસ

**D** હુકમ મળ્યાની તારીખથી ૩૦ દિવસ

**77 ખાતાકીય તપાસ અધિકારી સમક્ષની કાર્યવાહીના અંતે અપેક્ષિત વિરૂધ્ધના આરોપ પુરવાર થતા હોઇ શું ખાતાકીય તપાસ અધિકારી આક્ષેપિતને કઇ શિક્ષા કરવી તે શિસ્ત અધિકારીને સૂચવી શકે ?**

**A** હા, સુચવી શકે

**B** ના, સુચવી શકે નહી

**C** કોઇ શિક્ષા સૂચવવી કે નહી તે અંગે ખાતાકીય તપાસ અધિકારી સ્વવિવેક અનુસાર નિર્ણય લેવાનો રહે છે

**D** કોઇ અમુક (particular) જ શિક્ષા કરવા યોગ્ય છે તેવુ સૂચવી શકે નહી પરંતુ એક કરતા વધુ શિક્ષાઓ દર્શાવી તે પૈકી કોઇ એક શિક્ષા કરવાની ભલામણ શિસ્ત અધિકારીને કરી શકે

**78 એક બિનરાજ્યપત્રિત કર્મચારીની ઉંમર હાલ ૨૭ વર્ષની ચાલુ છે તે નોકરીમાં ૨૫ વર્ષની વયે દાખલ થયો હતો અને તે સમયે પોતાના નામે / તેના કુટુંબના કોઇ સભ્યના નામે જે કઇ સ્થાવર મિલકતો હતી તેની વિગતો સરકારને / તેના ખાતાના વડાને પૂરી પાડી હતી હવે તે બિનરાજ્યપત્રિત કર્મચારીએ આવી વિગતો ક્યારે આપવાની થશે ?**

**A** દર વર્ષ મુજબ ૨૭ વર્ષ પૂરા કરે ત્યારે

**B** ૩૦ વર્ષ પૂરા કરે ત્યારે

**C** ૨૫ વર્ષે નોકરીમાં દાખલ થયેલ છે જેથી ત્યારબાદ ૧૦ વર્ષ પછી એટલે કે ૩૫ વર્ષ પૂરા કરે ત્યારે

**D** એક્વાર આવી માહિતી આપી દીધી છે જેથી ત્યારબાદ આવી માહિતી આપવાની રહેતી નથી

**79 રાજ્ય સરકારની સેવા અથવા જગા (વર્ગ - ૪ સિવાય) પર નિમણૂક મેળવવા માટે કોમ્પ્યુટરની પરીક્ષા (સીસીસી અને સીસીસી પ્લસ જે લાગુ પડતુ હોય તે) પાસ કરવી આવશ્યક છે તેવી જોગવાઇ વર્ગીકરણ અને ભરતી**

**નિયમોમાં સામાન્ય વહીવટ વિભાગના નીચેના નોટીફિકેશન/જાહેરનામા પૈકી કઇ તારીખના જાહેરનામાથી દાખલ કરવામાં આવી છે ?**

**A** તા.૨૯/૦૯/૨૦૧૨ **B** તા.૧૩/૦૮/૨૦૦૮

**C** તા.૦૪/૦૬/૨૦૦૯ **D** તા.૨૦/૦૭/૨૦૦૬

**80 ફરજ મોકૂફી એ............**

**A** શિક્ષા ગણાશે

**B** અર્ધ શિક્ષા ગણાશે

**C** શિક્ષા ગણાશે નહી

**D** દંડકીય સ્વરૂપની કાર્યવાહી ગણાશે

**81 લાંચ રૂશ્વત નિવારણ અધિનિયમ, ૧૯૮૮ના મૂળ કાયદામાં કુલ કેટલી કલમો છે ?**

**A** ૨૩

**B** ૨૯

**C** ૩૧

**D** ૩૯

**82 રાજય સરકારના એક મુસ્લીમ અધિકારી કે જેની પત્ની હયાત છે તે બીજી મુસ્લિમ મહિલા (કે જે અપરણિત છે) સાથે લગ્ન કરવા માંગે છે તો તેવા સંજોગોમાં...........**

**A** તે માને છે કે પોતાની લાગુ પડતા અંગત કાયદા હેઠળ બીજી પત્ની કરવાની છૂટ છે માટે તએ કરી શકે અને તેના માટે રાજ્ય સરકારની મંજૂરીની જરૂર નથી

**B** અંગત કાયદાની બાબત હોઇ કેન્દ્ર સરકારની મંજૂરી મેળવવી પડે

**C** ફેમીલી કોર્ટની મંજૂરી મેળવવી પડે

**D** રાજ્ય સરકરાની મંજૂરી લેવી પડે

**83 જેની પત્ની હયાત છે તેવા એક સરકારી કર્મચારી બીજી સ્ત્રી ( કે જે અપરિણિત છે) સાથે મૈત્રી કરાર (Friendship Agreement) કરીને તેણી સાથે રહે છે અને તેમ કરીને તે સરકારી કર્મચારી..............**

**A** નિયમ - ૩ (૧)(૨) નો ભંગ કરે છે

**B** નિયમ - ૨૬ (ક) નો ભંગ કરે છે

**C** નિયમ - ૨૬ નો ભંગ કરે છે

**D** નિયમ - ૩ (૧)(૩) નો ભંગ કરે છે

**84 સરકારી અધિકારી / કર્મચારી સામે શિસ્તભંગની/ ખાતાકીય તપાસની કાર્યવાહી ક્યારે શરૂ થયેલી ગણાય ?**

**A** તેની સામે પ્રાથમિક તપાસ શરૂ થાય ત્યારથી

**B** તકેદારી આયોગની ખાતાકીય તપાસ કરવાની ભલામણ મળે ત્યારથી

**C** સંબંધિત શિસ્ત અધિકારી ફાઇલમાં આક્ષેપિતને આરોપનામું આપવા અંગે ખાતાકીય તપાસ કરવાનો નિર્ણય લે ત્યારથી

**D** તેને શિસ્ત અધિકારી આરોપનામું ખરેખર બજાવે તે તારીખથી

**85 ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૧૧ (૨) મુજબની સરકારી કર્મચારીને શિક્ષા કરતા પહેલા બચાવની વાજબી અને પુરતી તક આપવાની હોય છે (ખાતાકીય તપાસ કરવાની હોય છે) પરંતુ આ અનુચ્છેદમાં કેટલાક સંજોગોમાં / અપવાદો દર્શાવવામાં આવ્યા છે કે જે સંજોગોમાં સરકારી કર્મચારીને ખાતાકીય તપાસની કાર્યવાહી અનુસર્યા સિવાય (બચાવની વાજબી અને પૂરતી તક આપ્યા સિવાય) શિક્ષાના સીધેસીધા હુકમ કરી શકાય છે બંધારણની આ જોગવાઇને ધ્યાને લઇ તેનો સમાવેશ ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ના કયા નિયમમાં કરવામાં આવ્યો છે ?**

**A** નિયમ - ૬

**B** નિયમ - ૯

**C** નિયમ - ૧૪

**D** નિયમ - ૫

**86 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ નીચેની પૈકી કઇ તારીખથી અમલમાં આવેલ છે ?**

**A** ૧-૧-૧૯૭૧ થી

**B** ૧૫-૮-૧૯૭૧ થી

**C** ૩૦-૬-૧૯૭૧ થી

**D** ૧-૪-૧૯૭૧ થી

**87 કોઇ સરકારી અધિકારી/ કર્મચારી સામેની ખાતાકીય તપાસમાં શિસ્ત અધિકારીએ વિગતવારની ખાતાકીય તપાસ હાથ ધરવા માટે અન્ય વ્યક્તિની "તપાસ અધિકારી તરીકે નિમણૂક નિયમ - ૯ (૫) (ક) અંતગર્ત કરે છે તો આવા" તપાસ અધિકારી" એ..............**

**A** શિસ્ત અધિકારીના તાબાની અધિકારી ગણાશે અને શિસ્ત અધિકારી તેની કાર્યવાહીમાં હસ્તક્ષેપ કરી શકે

**B** આવા તપાસ અધિકારી ન્યાયિક અધિકારી ગણાશે

**C** આવા તપાસ અધિકારી સ્વતંત્ર અને અર્ધ ન્યાયિક અધિકારી ગણાશે

**D** આવા તપાસ અધિકારી વહીવટી અધિકારી ગણાશે

**88 નીચેનામાંથી કઇ જોડ (Pair) સાચી (Correct) છે?**

**A** નિયમ - ૯ - સરકારી માહિતી અનધિકૃત રીતે પૂરી પાડવી

**B** નિયમ - ૧૪ - ખાનગી ધંધો અથવા રોજગાર કરવા ઉપર પ્રતિબંધ

**C** નિયમ - ૧૮, સરકારને જાણ કરવા બાબત (દિવાની / ફોજદારી કાર્યવાહી જે તેની સામે થયેલ છે તે અંગે)

**D** નિયમ - ૨૩ - ઉછીનું આપવું/ ઉછીનું લેવું.

**89 લાંચરૂશ્વત નિવારણ અધિનિયમ નીચે નીચેના પૈકી કઇ વ્યક્તિનો સમાવેશ જાહેર સેવક તરીકે થતો નથી ?**

**A** યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરના

**B** ન્યાયધીશનો

**C** સરકાર પાસેથી ફકત માનદ વેતન મેળવતી વ્યક્તિનો

**D** કોઇ સહકારી મંડળી કે જે કોઇ નાણાકીય સહાય સરકાર કે તેના વિભાગ પાસેથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મેળવતી નથી તેના ચેરમેનનો

**90 એક સરકારી અધિકારી તેના વતનના ગામે નવા થતા ધાર્મિક સ્થાન માટે લોકો પાસેથી ફાળો ઉઘરાવતો નથી પરંતુ તેવો ફાળો આપવા માટે માત્ર અપીલ કરે છે તેથી તે...........**

**A** નિયમ - ૧૫ નો ભંગ કરે છે.

**B** નિયમ - ૩ નો ભંગ કરે છે.

**C** નિયમ - ૧૨ નો ભંગ કરે છે.

**D** કોઇ વર્તણૂંક નિયમનો ભંગ કરતો નથી

**91 કોઇપણ અધિકારી / કર્મચારીને નાની કે મોટી શિક્ષા કરતા પહેલા આરોપનામુ આપવુ ફરજિયાત છે તેવી જોગવાઇ શિસ્ત અને અપીલ નિયમોના નિયમો પૈકી કયા નિયમમાં છે ?**

**A** નિયમ - ૯ (૪) / નિયમ - ૧૧ (૧)(ક)

**B** નિયમ - ૮

**C** નિયમ - ૭

**D** નિયમ - ૧૦

**92** કોઇ એક અધિકારી / કર્મચારી તેની જ્ઞાતિના ચેરમેન અંગેનું પદ સંભાળે છે કે જે સંસ્થાનું સભ્યપદ અમુક કોમ પૂરતું

જ મર્યાદિત છે તો તેથી કરીને આ અધિકારી / કર્મચારી........

**A** કોઇ વર્તણૂંક નિયમનો ભંગ કરતો નથી **B** નિયમ - ૩ (૧) (૩)નો ભંગ કરે છે

**C** નિયમ - ૨૫નો ભંગ કરે છે **D** નિયમ - ૨૪ નો ભંગ કરે છે

**93** દરેક સરકારી કર્મચારી / અધિકારીએ પોતાની સમયમર્યાદામાં રહીને જ ફરજ બજાવવી જોઇએ, સિવાય કે પોતાના ઉપરી અધિકારીની સૂચના હેઠળ કાર્ય કરતો હોય આવી જોગવાઇ વર્તણૂંક નિયમોના કયા નિયમમાં છે ?

**A** નિયમ - ૧૫ **B** નિયમ - ૧૭

**C** નિયમ - ૪ (૨) **D** નિયમ - ૩(૨)

**94** લાંચ રૂશ્વત નિવારણ અધિનિયમ અંગેના ૨૦૧૮ના સુધારા કાયદાથી નીચેની કલમો પૈકી કઇ કલમ સુધારવામાં આવી છે ?

**A** કલમ - ૭ **B** કલમ - ૮

**C** કલમ - ૯ **D** ઉપરોકત તમામ કલમો

**95** એક સરકારી કર્મચારી / અધિકારી સામેની ખાતાકીય તપાસમાં "તપાસ અધિકારી"ની નિમણૂક કરવામાં આવી છે અને તેઓ સમક્ષની કાર્યવાહીમાં આક્ષેપિત ખાતેના બચાવ અર્થે "વકીલ" રોકવા ઇચ્છે છે તો આવી મંજૂરી આપવાની સત્તા કોને છે ?

**A** તપાસ અધિકારીને **B** જે અધિકારીએ આરોપનામુ આપેલ છે તે અધિકારીને પરંતુ તેવો નિમણૂક અધિકારી નથી

**C** નિમણૂક અધિકારીને **D** સંબંધિત વિભાગના સચિવશ્રીને

**96** ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ નીચેના પૈકી કયા અધિકારી / કર્મચારીને લાગુ પડતા નથી ?

**A** નાયબ પોલીસ અધિક્ષકને **B** રાજ્ય સેવામાં અજમાયશી ધોરણે નિમાયેલ વ્યક્તિને

**C** પોલીસ ઇન્પેકટરને **D** જેની સેવાની શરતો બંધારણની કલમ - ૩૦૯ નીચે નક્કી કરાયેલ હોય તેવી રાજ્ય સેવાની જગા ઉપર કાયમી ધોરણે નિમાયેલ વ્યક્તિને

**97** જાહેર સેવક દ્વારા ગુનાહિત ગેરવર્તણૂક (Criminal misconduct by a public servat) અંગેની જોગવાઇ લાંચ રૂશ્વત નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કઇ કલમમાં કરવામાં આવી છે ?

**A** કલમ - ૧૩ **B** કલમ - ૧૨

**C** કલમ - ૧૪ **D** કલમ - ૧૭

**98** **ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ માં મોટી શિક્ષા કરવા અંગેની જોગવાઇ કયા નિયમમાં કરવામાં આવી છે ?**

**A** નિયમ - ૯ અને ૧૦ **B** નિયમ - ૧૧

**C** નિયમ - ૬ **D** નિયમ - ૧૮

**99** **દરેક સરકારી કર્મચારીએ એ જોવું જોઇશે કે.....................**

**A** પોતાના બાળકોની સંખ્યા ૧ (એક) કરતા વધે નહી **B** પોતાના બાળકોની સંખ્યા ૨ (બે) કરતા વધે નહી

**C** પોતાના બાળકોની સંખ્યા ૩ (ત્રણ) કરતા વધે નહી **D** પોતાના બાળકોની સંખ્યા ૪ (ચાર) કરતા વધે નહી

**100** **વર્ગ - ૩નો એક સરકારી કર્મચારી તેમની પુત્રીના લગ્ન પ્રસંગે તેમના નજીકના સગા પાસેથી વધુમાં વધુ કેટલી કિંમતની ભેટ સ્વીકારી શકે ?**

**A** રૂ.૪૦૦૦/- સુધીની **B** રૂ.૭૦૦૦/- સુધીની

**C** રૂ.૨૦૦૦/- સુધીની **D** રૂ.૧૦૦૦/- સુધીની

---------------------------------------------------